જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૨/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૩/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૮૩ લીટર દેશી દારૂ, ૬૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૪/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૦૫/૧૭**

**વટવાઃ** યાસીનમિયા હુસેનમિયા મલેક (રહે. અમીર નુરનગર વટવા સાઈબાબા સોસાયટી સામે કિસ્મત ડેકોરેશનના ખાંચમાં વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૨/૧૭ સાંજના ૬/૦૦ થી તા.૧૨/૨/૧૭ કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના નકુચા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, સોની કંપનીનું એલ.ઇ.ડી. ટી.વી. કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૪૮,૦૦૦/-મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૦૬/૧૭**

**ખોખરાઃ** મીનેશભાઇ જનાર્દનભાઇ મહેતા (રહે. સેન્ટ્રલ બેન્ક સ્ટાફ સોસાયટી વેજલપુર) એ તા.૧૨/૨/૧૭ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૨/૧૭ સાંજના ૭/૦૦ થી તા.૧૧/૨/૧૭ રાતના ૯/૦૦ વાગ્યા દરમ્યાન ખોખરા હોંન્ડાઇ શો-રૂમની સામે પુજાલાલ પંડ્યાની ચાલીની બાજુમાં આવેલ એસ.બી.આઇનુ એ.ટી.એમ.તોડી અજાણી વ્યક્તિ એ.ટી.એમ મશીનમાંથી રોકડ રૂપિયા ૪,૫૩,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.સી.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**પર્સ ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૭/૧૭**

**ઈસનપુરઃ** જતીનભાઈ નિરંજનભાઈ ઢગર (રહે. મહીસાગર સોસાયટી ઘોડાસર) તા.૧૧/૨/૧૭ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે પત્ની સાથે એક્ટીવા ચલાવી આવકાર હોલ નજીક કેનાલ રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોતર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જતીનભાઈના પત્નીના હાથમાંથી પર્સ જુટવી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં લિનોવો કંપનીનો મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૩,૦૦૦/-, સોનાની ચેઈન કિમત રૂપિયા ૮,૦૦૦/-, રોકડ રૂપિયા ૧૧૦૦૦/- અને જરૂરી ચીજ વસ્તુઓ હતી. આ અંગેની ફરીયાદ જતીનભાઈ ઢગરે ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.રાતડા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૦૮/૧૭**

**જે ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** શામ શૈબુદ્દીન ભુરીવાલા (રહે.ગુલીસ્તાન સોસાયટી શાહઆલમ દરવાજા લાલા કોમ્પલેક્ષ પાછળ) એ જે ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે શામ શૈબુદ્દીનના મિત્ર અજીજ ઈમદાદભાઈ વલીકરીમવાલા (ઉ.વ.૫૯)(રહે.મહમદી સોસાયટી શાહઆલમ દરવાજા) તા.૧૨/૨/૧૭ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે શાહઆલમ દરગાહ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે કન્ટેનર ટ્રક નંબર એમ.એચ. ૪૬ એમ.એફ. ૦૨૪૭ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા અજીજ વલીકરીમવાલા ઉપર ટ્રકનુ વ્હીલ ફરી વળતા સ્થળ ઉપર તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.વી.જાડેજા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૦૯/૧૭**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** રાજેશ્રીબહેન ગોવિંદભાઇ દંતાણી (ઉ.વ.૨૫) (રહે.ગલાજીની ચાલી સામે દુધેશ્વર માધુપુરા) એ અગમ્ય કારણસર તા.૧૧/૨/૧૭ રાતના ૧૦/૪૦ વાગ્યા પહેલા દુધેશ્વરબ્રીજ નીચે નદીના પાણીમા પડી ડુબી જઇ  આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોતીભાઇ તળજાભાઇ ચલાવે છે.

**નરોડાઃ** દેવીલાલ બળદેવરામ જાટ (ઉ.વ.૨૩) (રહે. નરોડા જી.આઇ.ડી.સી.ફેઝ-૨ પ્લોટ નંબર-૭૧૭૪ સમ્રાટ નમકીનની અંદર આવેલ રૂમમાં) એ અગમ્ય કારણસર તા.૧૨/૨/૧૭ કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા નરોડા જીઆઇડીસી સમ્રાટ નમકીનના બેસનના ગોડાઉનમા પ્લાષ્ટીકની દોરી લોખંડની એંગલે બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશચંદ્ર ગુરૂદયાલ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** ઉમીતભાઈ હરીસિહ ઠાકુર (ઉ.વ.૩૬) (રહે. અમરસિહ રમકડાની ચાલી ભીલવાડા અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૧૧/૨/૧૭ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દુપટ્ટા વડે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોમજીભાઈ લાલુભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)